વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન બાબત. (સુધારેલ જોગવાઇ રૂ.૧૦૬૦૦.૦૦ લાખ)

# ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૨૧/૫૦૨૩૪૦/ન.બા-૨૮/અ૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ૧૪/૦૩/૨૦૨૩

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) આ વિભાગનો તા.૨૨/૦૪/૨૦૨૨નો સરખા ક્રમાકનો ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૩/૦૩/૨૦૨૩નો પત્ર ક્ર:વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૧૫૪-૧૫૬

## પ્રસ્તાવના:

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-૧ પરના તા.૨૨/૦૪/૨૦૨૨ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમો(૧.ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ૨.ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ૩.ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ૪.ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને ૫.ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ)ને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણની લોન આપવા માટે થયેલ રૂા.૭૫૦૦.૦૦ લાખની નવી બાબતને નિગમવાર ફાળવણી કરી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. હાલ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક-૨ પરના તા.૦૩/૦૩/૨૦૨૩ના પત્રથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણની લોન આપવા માટે સુધારેલ અંદાજપત્રમાં રૂા.૧૦૬૦૦.૦૦ લાખની સુધારેલ જોગવાઇ કરવામાં આવેલ હોઇ, નિગમવાર ફાળવણીના સુધારેલ હુકમો થઇ આવવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

## સુધારા ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના પાંચ નિગમોને રાજ્ય સરકારના ફંડમાંથી સીધા ધિરાણ માટે લોન આપવા માટે સુધારેલ અંદાજપત્રમાં થયેલ રૂા.૧૦૬૦૦.૦૦ લાખની જોગવાઇ અન્વયે નિગમવાર નીચે મુજબ પુનઃ ફાળવણી કરવામાં આવે છે.

| ક્રમ | વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમ | નિગમ દીઠ રકમની વહેંચણી (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ. | ૧૭૦૦.૦૦ |
| ૨ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. | ૧૨૦૦.૦૦ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. | ૫૦૦૦.૦૦ |
| ૪ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. | ૧૫૦૦.૦૦ |
| ૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ લિ. | ૧૨૦૦.૦૦ |
| | કુલ | **૧૦૬૦૦.૦૦** |

આ અંગેનો ખર્ચ તેમજ ઠરાવની અન્ય શરતો આ વિભાગના તા.૨૨/૦૪/૨૦૨૨ના સમાન ક્રમાંકના ઠરાવ મુજબ રહેશે.

આ સુધારા ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ.ની તા.૧૩/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

eSign
Signed by: Ketankumar Adhelabhai Damor
Location: Gandhinagar, Gujarat
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 14-Mar-2023 (11:29 AM)

(કેતન ડામોર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**નકલ રવાનાઃ-**

- માન.મંત્રીશ્રી, (સા.ન્યા.અને અ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.અને અ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)ના ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ.